# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ | નડીયાદ | ખેડા | પેટલાદ | ઉમરેઠ | ખંભાત | ડાકોર | લુણાવાડા | બાલાસિનોર

રવિવાર ૨૧ જુન, ૨૦૨૬



**‘વિકાસ’ કાદવમાં ખરડાયો | લાખોના ખર્ચે બનેલો રસ્તો બે જ વર્ષમાં ધોવાયો**

# નડિયાદમાં ૨૭૦ માસૂમ બાળકો કાદવ ખૂંદી શાળાએ જવા મજબૂર

**ભ્રષ્ટ તંત્ર અને** કોન્ટ્રાક્ટરની મિલીભગત સામે ગ્રામજનોમાં આક્રોશ



(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૦

ગુજરાત મોડલ અને ‘બેટી બચાવો, બેટી પઢાવો’ના મસમોટા બણગાં ફૂંકતી સરકારના દાવાઓની પોલ નડિયાદના નવાગામમાં ખુલ્લી પડી ગઈ છે. અહીં સરકારી તંત્રની ઘોર લાપરવાહી અને ભ્રષ્ટાચારનો એવો ઉત્કૃષ્ટ નમૂનો જોવા મળ્યો છે કે, ધોરણ ૧ થી ૮માં અભ્યાસ કરતા ૨૭૦ જેટલા માસૂમ બાળકોને રોજ કાદવ-કીચડમાં લપેટાઈને શાળાએ જવું પડી રહ્યું છે. વિકાસની વાતો વચ્ચે આ બાળકોના ભવિષ્ય અને આરોગ્ય સાથે ખુલ્લેઆમ ખીલવાડ થઈ રહ્યો હોવા છતાં સ્થાનિક વહીવટી તંત્ર ઘોર નિદ્રામાં પોઢી રહ્યું છે.

નડિયાદના નવાગામ ગામના ભાગોળ પાછળ આવેલી સરકારી પ્રાથમિક શાળાનો મુખ્ય માર્ગ હાલ ખેતરના નાળામાં ફેરવાઈ ગયો છે. આશ્ચર્યની વાત એ છે કે, માત્ર ૨ વર્ષ પહેલાં જ લાખો રૂપિયાના ખર્ચે ગ્રામ પંચાયત દ્વારા આ રસ્તો નવો બનાવવામાં આવ્યો હતો. પરંતુ ભ્રષ્ટ કોન્ટ્રાક્ટર અને સરકારી બાબુઓની મિલીભગતને કારણે તકલાદી કામની પોલ ચાલુ વર્ષના પ્રથમ વરસાદે જ ખોલી નાખી છે. રસ્તો ધોવાઈ ગયા બાદ તંત્રએ ડામરને બદલે માત્ર માટી નાખી ‘થીગડાં’ માર્યા, જેના કારણે અત્યારે આખો રસ્તો કાદવની ખુલ્લી ખાણ બની ગયો છે.

### શાળા શરૂ થતાં જ વિદ્યાર્થીઓની કફોડી હાલત

રોજિંદા ધોરણે શાળાએ જતી વખતે માસૂમ બાળકો કાદવમાં લપસી પડે છે, જેના કારણે તેમના ગણવેશ અને દફતર ગંદા થાય છે. બાળકોના વાલીઓમાં આ બાબતે ભારે રોષ છે. વાલીઓનો આક્ષેપ છે કે અનેક રજૂઆતો છતાં તંત્રના પેટનું પાણી હલતું નથી. જો આગામી દિવસોમાં પાકો રસ્તો બનાવી દોષિતો સામે પગલાં લેવામાં નહીં આવે, તો ગ્રામજનોએ ઉગ્ર આંદોલનની ચીમકી ઉચ્ચારી છે.

### કાદવ ખૂંદીને આવતા માસૂમોનો ઉત્સાહ ઓસર્યો

નવાગામની આ પ્રાથમિક શાળામાં માત્ર સ્થાનિક જ નહીં, પણ ૨ કિલોમીટર દૂર આવેલા કંથારીયા પુરા અને સિદ્ધનાથ પુરા જેવા અંતરિયાળ વિસ્તારોમાંથી પણ નાના બાળકો પગપાળા આવે છે. લાંબા અંતરનો બિસ્માર અને કાદવયુક્ત માર્ગ કાપીને જ્યારે આ માસૂમો શાળાએ પહોંચે છે, ત્યારે તેઓ સંપૂર્ણ કાદવથી લથબથ હોય છે. કાદવમાં ફસાઈને શિક્ષણ મેળવવાની આ મજબૂરી બાળકોના ભણવાના ઉત્સાહ પર પાણી ફેરવી રહી છે.

**પાણીની સમસ્યાનો તાત્કાલિક અને કાયમી ઉકેલ લાવવા માંગ**

# બોરસદના કંકાપુરામાં પાણીની પોકાર : ગ્રામજનોએ ઢોલ ટીપ્યાં

**ગ્રામ પંચાયત કચેરી** ખાતે મોટી સંખ્યામાં સ્થાનિક ગ્રામજનોએ સુત્રોચ્ચાર કર્યા



(પ્રતિનિધિ) બોરસદ તા ૨૦

બોરસદ તાલુકાના કંકાપુરા ગામમાં પીવાના પાણીની વિકટ સમસ્યાએ હવે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. છેલ્લા ઘણા દિવસોથી પીવાના પાણી માટે વલખાં મારી રહેલા ગ્રામજનોમાં આક્રોશ ભભૂકી ઉઠયો હતો. પાણીની અનિયમિત અને અપૂરતી વ્યવસ્થા મથી કંટાળેલા ગ્રામજનોએ શનિવારે સ્થાનિક ગ્રામ પંચાયત તંત્રને ઘોર નિદ્રામાંથી જગાડવા માટે એક સાવ અનોખો જ માર્ગ અપનાવ્યો હતો.

મોટી સંખ્યામાં મહિલાઓ અને ગ્રામજનો ભેગા મળીને ઢોલ-નગારા સાથે ગ્રામ પંચાયત કચેરીએ પહોંચ્યા હતા. પંચાયત પરિસરમાં જ મહિલાઓએ ભેગા મળીને ઢોલ વગાડી, સૂત્રોચ્ચાર કરીને ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો.

કંકાપુરાના ગ્રામજનોએ જણાવ્યું હતું કે વારંવાર રજૂઆતો કરવા છતાં તંત્ર દ્વારા આ બાબતે કોઈ નક્કર પગલાં લેવામાં આવ્યા નથી, જેના કારણે તેમને ઘણા દિવસોથી પાણી માટે ભટકવું પડે છે. પંચાયત કચેરીમાં એકત્રિત થયેલી મહિલાઓએ ભારે સૂત્રોચ્ચાર સાથે પાણીની સમસ્યાનો તાત્કાલિક અને કાયમી ઉકેલ લાવવાની ઉગ્ર માંગ કરી હતી. ગ્રામજનોના આ અનોખા અને આક્રમક વિરોધ પ્રદર્શનને પગલે બોરસદ પંથકમાં ભારે ચર્ચા જાગી છે.

# આંકલાવમાં વિદ્યાર્થીનો ગળેફાંસો ખાઈ આપઘાત

**વહેલી સવારે સાથી** વિદ્યાર્થીઓએ રૂમમાં લટકતી લાશ જોતા ચકચાર

(પ્રતિનિધિ) આંકલાવ તા.૨૦

આંકલાવ તાલુકાના કહાનવાડી ગામે આવેલી ઉત્તરબુનિયાદી વિદ્યાલયની હોસ્ટેલમાં રહીને અભ્યાસ કરતા એક ૧૭ વર્ષીય આદિવાસી વિદ્યાર્થીએ કોઈ અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવતા શૈક્ષણિક આલમમાં શોકની લાગણી છવાઈ ગઈ છે. ગત ૧૯મી જૂનની વહેલી સવારે જ્યારે સાથી વિદ્યાર્થીઓ જાગ્યા ત્યારે સમગ્ર મામલો પ્રકાશમાં આવ્યો હતો.

મળતી માહિતી મુજબ, છોટાઉદેપુર જિલ્લાના કવાંટ તાલુકાના ચીચબા ગામનો વતની બિપીન હસુભાઇ રાઠવા (ઉં.વ. ૧૭) કહાનવાડીની ઉત્તરબુનિયાદી વિદ્યાલયમાં રહીને અભ્યાસ કરતો હતો. ૧૯મી જૂનના રોજ સવારે ૦૬:૦૦ વાગ્યાની આસપાસ હોસ્ટેલના અન્ય વિદ્યાર્થીઓ નિત્યક્રમ મુજબ જાગ્યા ત્યારે બિપીનને રૂમમાં લટકતી હાલતમાં જોઈ સ્તબ્ધ થઈ ગયા હતા.

આ ઘટના અંગે વિદ્યાર્થીઓએ તુરંત આચાર્યને જાણ કરી હતી, જેમણે આંકલાવ પોલીસ અને મૃતકના વાલીને જાણ કરી હતી. આ અંતિમ પગલું શા માટે ભર્યું ? તે હજી જાણી શકાયું નથી. હાલમાં પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધ્યો છે.

**ભ્રષ્ટાચારનો ‘રોડ શો’ | હલકી ગુણવત્તાના કામ અને સબ-લેટિંગનો ગંભીર આક્ષેપ**

# ખેડાપાલિકામાં રસ્તાના કામને લઈ પ્રમુખ અને સીઓ આમને સામને !

**વિવાદાસ્પદ** એજન્સીને બ્લેકલિસ્ટ કરવા પ્રમુખની ચીફ ઓફિસરને તાકીદ!

(પ્રતિનિધિ) ખેડા તા.૨૦

ખેડા પાલિકામાં વિકાસના કામોના નામે ચાલતા ભ્રષ્ટાચારનો આખરે ખુલાસો થયો છે. ખુદ પાલિકાના શાસકોએ જ હવે સ્વીકાર્યું છે કે શહેરમાં ચાલતા કામો અત્યંત હલકી ગુણવત્તાના છે. આ અંગે અહેવાલો પ્રસિદ્ધ થયા બાદ હરકતમાં આવેલા પાલિકા પ્રમુખ અને કારોબારી અધ્યક્ષે ચીફ ઓફિસરને લેખિતમાં રજૂઆત કરી એજન્સીને બ્લેકલિસ્ટ કરવાની માંગ કરી છે. જોકે, ધારાસભ્યથી લઈને પ્રમુખ સુધીના તમામની રજૂઆતો છતાં તંત્ર દ્વારા હજુ સુધી કોઈ નક્કર કાર્યવાહી કરવામાં ન આવતા અનેક સવાલો ઊભા થયા છે.

આ અંગે અહેવાલ મુજબ, ખેડા પાલિકાએ એજન્સીઓને પેટા કોન્ટ્રાક્ટ (સબ-લેટ) આપી ભ્રષ્ટાચાર આચરવા માટે મોકળું મેદાન પૂરું પાડ્યું છે. ટેન્ડર મેળવનાર એજન્સી પોતે કામ કરવાને બદલે રાજકીય ઓથ ધરાવતા માનીતાઓને કામ સોંપી દે છે, જેના કારણે ગુણવત્તા જળવાઈ નથી.

### રોડ બન્યાના ૨ મહિનામાં જ તૂટ્યા

ખેડાના પાળિયાદેવ મહાદેવ પાછળનો રોડ અને ખેડા કેમ્પનો રોડ બન્યાના માત્ર બે જ મહિનામાં તૂટી ગયા હતા. આ અંગે માતરના ધારાસભ્ય કલ્પેશભાઈ પરમારે જાતે સ્થળ તપાસ કરી હતી અને એજન્સીનું પેમેન્ટ તાત્કાલિક અટકાવવા સૂચના આપી હતી. આમ છતાં, આ એજન્સી સામે કોઈ પગલાં લેવાયા નથી અને તેના કામો હજુ પણ ચાલુ જ છે.

### તંત્રની નિષ્ક્રિયતા સામે લોકરોષ

ખેડા પાલિકાના ટાઉન પ્લાનિંગ સમિતિના ચેરમેન દિનેશભાઈ રાઠોડે ૨૫મી મેના રોજ એજન્સીના કામનું થર્ડ પાર્ટી ઇન્સ્પેક્શન કરવા માંગ કરી હતી. બાદમાં ૧૫મી જૂનના રોજ પાલિકા પ્રમુખ અને કારોબારી ચેરમેને પણ તપાસની માંગ કરી હતી. આટલી ગંભીર ફરિયાદો છતાં એજન્સી દ્વારા પરા દરવાજા જેવા જાહેર માર્ગો બ્લોક કરી મનસ્વી રીતે કામગીરી ચાલુ રાખવામાં આવતા શહેરીજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

# ઉમરેઠમાં સગીરાને પ્રેમમાં ફસાવી યુવકે દૂષ્કર્મ ગુજાર્યું

**ત્રણોલના યુવકે** ખેતરમાં અવારનવાર દૂષ્કર્મ આચરતા ગર્ભ રહ્યો

(પ્રતિનિધિ) ઉમરેઠ તા.૨૦

ઉમરેઠ પંથકમાં રહેતી સગીર વયની કન્યાને ત્રણોલના યુવકે પ્રેમજાળમાં ફસાવી, તેની મરજી વિરુદ્ધ અવારનવાર શારીરિક સંબંધ બાંધ્યો હતો. જેના કારણે સગીરાને ગર્ભ રહેતાં પરિવારજનો ચોંકી ગયાં હતાં. આ શરમજનક અને હૃદયદ્રાવક ઘટનાના મામલે ઉમરેઠ પોલીસ મથકે યુવક વિરુદ્ધ ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધ્યો હતો.

ઉમરેઠ પંથકની સગીરાને ગત જાન્યુઆરી માસમાં ત્રણોલના દેવપુરા ખાતે રહેતા ભાવેશ જીતેન્દ્રભાઈ ચાવડા નામના યુવકે પોતાની પ્રેમજાળમાં ફસાવી દીધી હતી. આ નરાધમ ભાવેશ ચાવડાએ સગીરાના ભોળપણનો લાભ ઉઠાવી, તેના ઘરની નજીક આવેલા એક ખેતરમાં અવારનવાર બોલાવી હતી. ગત એક મહિનાના ગાળામાં સગીરા સાથે તેની મરજી વિરુદ્ધ ત્રણથી વધુ વખત જબરદસ્તીપૂર્વક શારીરિક સંબંધો બાંધ્યા હતા.

આ પાશવી અત્યાચારના કારણે સગીરા ગર્ભવતી બની ગઈ હોવાનું પરિવાર સામે આવતા પરિવારે હિંમત ભેગી કરી નરાધમ સામે કાયદેસરની ફરિયાદ નોંધાવી છે. પોલીસે આ મામલે ગુનો નોંધી આરોપીને ઝડપી પાડવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# આણંદમાં પાર્કિંગ મુદ્દે વેપારી પર પાડોશીનો જીવલેણ હુમલો

**સૂર્ય વિલા બંગલોઝમાં** પાડોશી દંપતીએ ચપ્પા, લાકડી અને પાઈપ વડે હુમલો કર્યો

(પ્રતિનિધિ) આણંદ તા.૨૦

આણંદના બાકરોલના વિનુકાકા માર્ગ પર આવેલા સૂર્ય વિલા બંગલોઝમાં પાર્કિંગ જેવી સામાન્ય બાબતે પાડોશમાં રહેતા શખ્સોએ એક વેપારી પર ચપ્પા, લાકડી અને લોખંડની પાઈપ વડે હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી છે. આ લોહિયાળ હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા વેપારી હાલ કરમસદની હોસ્પિટલમાં સારવાર હેઠળ છે, જ્યારે વિદ્યાનગર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મૂળ અમદાવાદના અને પ્રોપર્ટીનો વ્યવસાય કરતા ૫૦ વર્ષીય શ્રેણિક કિર્તીલાલ શેઠના બિઝનેસ પાર્ટનરે તાજેતરમાં બાકરોલના સૂર્ય વિલામાં બંગલા નંબર-૨ ઓક્શનમાં ખરીદ્યો હતો. ગત ગુરુવારે શ્રેણિકભાઈ બંગલાની સાફ-સફાઈ કરાવવા આવ્યા હતા. આ સમયે બંગલા નંબર ૨ અને ૩ નો પાર્કિંગ રોડ સહિયારો હોવાથી ત્યાં બંગલા નંબર ૩ના રહીશોની ગાડીઓ પાર્ક હતી. શ્રેણિકભાઈએ પોતાની ગાડી પાર્ક કરવા માટે પાડોશીને ગાડી હટાવવા વિનંતી કરતા જ મામલો બિચક્યો હતો.

ગાડી હટાવવાનું કહેતા જ બંગલા નંબર ૩માં રહેતા રવેચીબેન ભારતી એકદમ ઉશ્કેરાઈ ગયા હતા અને ચપ્પા જેવા તીક્ષ્ણ હથિયારથી શ્રેણિકભાઈ પર હુમલો કર્યો હતો. બાદમાં જયેશચંદ્ર ભારતીએ લાકડી વડે માથાના ભાગે ફટકો માર્યો હતો અને રવેચીબેને ફરીથી લોખંડની પાઈપ લાવી આડેધડ ફટકા માર્યા હતા. આ દરમિયાન અન્ય બે-ત્રણ અજાણ્યા માણસોએ પણ આવીને વેપારીને ઘેરી લીધા હતા અને ‘જો અહીં રહેવા આવીશ તો જાનથી મારી નાખીશું’ તેવી ધમકી આપી હતી.

જોકે, મજૂરો અને પૂર્વ માલિકે વચ્ચે પડીને શ્રેણિકભાઈને વધુ મારમાંથી છોડાવ્યા હતા. વિદ્યાનગર પોલીસે હાલ આ મામલે ગુનો નોંધી આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# ટુંડેલ પાસે જુગારનો અડ્ડો પકડાયો : ૧૮ શખ્સ ઝબ્બે

**ખુલ્લા ખેતરમાં** ચાલતી પ્રવૃત્તિ પર સ્ટેટ મોનિટરિંગ સેલનો દરોડો

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૦

નડિયાદ તાલુકાના ટુંડેલ ગામની સીમમાં બુલેટ ટ્રેન બ્રિજ પાસે ધમધમતા એક મોટા જુગારધામ પર સ્ટેટ મોનિટરિંગ સેલે દરોડો પાડી ૧૮ શખ્સોને રંગેહાથ ઝડપી પાડ્યા છે. પોલીસે સ્થળ પરથી ૬.૫૪ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

નડિયાદ પીપલગ ચોકડી પાસે પેટ્રોલિંગમાં રહેલી SMCની ટીમને બાતમી મળી હતી કે ટુંડેલથી વસો તરફ જતા રોડ પર ખુલ્લા ખેતરમાં પ્રવિણ ઠાકોર નામનો શખ્સ જુગારધામ ચલાવી રહ્યો છે. આ માહિતીના આધારે પોલીસે પંચોને સાથે રાખી અચાનક દરોડો પાડતા જુગારીઓમાં નાસભાગ મચી ગઈ હતી. જોકે, પોલીસે કોર્ડન કરીને ૧૮ ઈસમોને પકડી લીધા હતા. પોલીસ તપાસમાં જાણવા મળ્યું હતું કે મીત પ્રવિણ ઠાકોર અને તેના પિતા પ્રવિણ ઠાકોર આ જુગારધામનું સંચાલન કરતા હતા. આ દરોડામાં પોલીસે રૂ. ૬૫,૮૦૦ અંગ જડતીની રોકડ, રૂ. ૧૭,૫૫૦ દાવ પરની રકમ, ૧૫ મોબાઈલ, ચાર વાહનો, જુગાર રમવાના પ્લાસ્ટિકના ટોકન સહિતનો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ દરોડા દરમિયાન મુખ્ય સંચાલક પ્રવિણ ઠાકોર હાજર ન મળી આવતા, તેને તથા અન્ય બે શખ્સો સહિત કુલ ત્રણને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે. વસો પોલીસ સ્ટેશનમાં જુગાર ધારા હેઠળ ગુનો નોધ્યો છે.

**મનપાની નિષ્ક્રિયતા - સ્ટાફની અછતના કારણે સમસ્યા વણઉકેલી**

# નડિયાદ મનપાની ડિજિટલ સેવાના લીરેલીરા, પ્રજામાં રોષ

**ઓનલાઈન ફરિયાદ** બાદ પણ નાગરિકોને કચેરીના ધક્કા ખાવા પડે છે



(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૦

નડિયાદ મહાનગરપાલિકા દ્વારા શહેરીજનોની સમસ્યાઓના ત્વરિત નિવારણ માટે મોટા ઉપાડે શરૂ કરાયેલી વોટ્સએપ હેલ્પલાઈન સેવા નિષ્ફળ સાબિત થઈ છે. સફાઈ અને ગટર જેવી પાયાની સુવિધાઓ માટે કરવામાં આવતી ઓનલાઈન ફરિયાદો પર કોઈ સંતોષકારક પ્રતિસાદ ન મળતા નગરજનોમાં તંત્રની નબળી નીતિ વિરુદ્ધ ભારે રોષ જોવા મળી રહ્યો છે.

નડિયાદ મહાનગરપાલિકા દ્વારા ઓનલાઈન માધ્યમથી ઘરબેઠા ફરિયાદ નોંધાવવાની સુવિધા આપીને વાહવાહી લૂંટવામાં આવી હતી, પરંતુ વાસ્તવિકતામાં આ સુવિધા માત્ર કાગળ પર જ રહી ગઈ છે. વોટ્સએપ પર વિગતો મોકલ્યા બાદ પણ કોઈ સુધારો ન થતા, અંતે નાગરિકોને ફરજિયાતપણે મહાનગરપાલિકાની કચેરીએ રૂબરૂ જઈને ફરિયાદ લખાવવા માટે મજબૂર થવું પડે છે.

હાલમાં શહેરમાં ઠેર ઠેર ગટરો ઉભરાવવાની સમસ્યા સૌથી વધુ વ્યાપક બની છે. ગંદા પાણી રસ્તાઓ પર ફરી વળતા હોવા છતાં તંત્ર દ્વારા કોઈ નક્કર કામગીરી કરવામાં આવતી નથી. એક તરફ કર્મચારીઓની મોટી ઘટ છે અને બીજી તરફ અધિકારીઓની કામ પ્રત્યેની આળસને કારણે જનતા પીસાઈ રહી છે. નિયમ મુજબ જે સમસ્યાનું ૨૪ થી ૪૮ કલાકમાં નિરાકરણ આવવું જોઈએ, તેના માટે નડિયાદના નાગરિકોને ૨ થી ૭ દિવસ સુધી સતત રાહ જોવી પડે છે. અનેક લોકો દિવસો સુધી કચેરીના પગથિયાં ઘસી રહ્યા છે, છતાં વહીવટી નિષ્ફળતાને કારણે પ્રજાકીય પ્રશ્નોના ઉકેલમાં તંત્ર સાવ નિષ્ફળ નીવડ્યું છે.

# આણંદમાં ૫.૮૬ કરોડના ખર્ચે બનેલો અત્યાધુનિક સ્વિમિંગપૂલ ખુલ્લો થશે

**સુરક્ષા અને સુવિધાના** માપદંડો ચકાસ્યા બાદ જળક્રીડાના શોખીનો માટે દરવાજા ખુલશે



(પ્રતિનિધિ) આણંદ તા.૨૦

કરમસદ-આણંદ મનપા વિસ્તારના નાગરિકો અને રમતપ્રેમીઓ માટે આનંદના સમાચાર છે. આણંદ ખાતે ટીપી-૧૦, એફપી-૨૫૪માં આંતરરાષ્ટ્રીય કક્ષાની સુવિધાઓ ધરાવતા નવા સ્વિમિંગપૂલનું નિર્માણ કાર્ય હવે તેના આખરી તબક્કામાં પહોંચ્યું છે. વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન રૂ. ૫,૮૬,૮૦,૧૧૧ના માતબર ખર્ચે મંજૂર કરાયેલા આ પ્રોજેક્ટનું સિવિલ બાંધકામ પૂર્ણ કરી લેવામાં આવ્યું છે. જોકે, નગરજનોની સુરક્ષા સાથે કોઈ બાંધછોડ ન થાય તે હેતુથી વહીવટી તંત્ર દ્વારા જરૂરી ટેકનિકલ મંજૂરીઓની પ્રક્રિયા વેગીલી બનાવવામાં આવી છે. છે, કારણ કે આ પૂલ કરમસદ અને આણંદના નાગરિકો માટે સ્વાસ્થ્ય અને મનોરંજનનું એક મહત્વનું કેન્દ્ર બનવા જઈ રહ્યું છે.

### પ્રોજેક્ટની એક ઝલક

- » **કુલ ખર્ચ:** રૂ. ૫.૮૬ કરોડથી વધુ
- » **સ્થળ:** ટીપી-૧૦, એફપી-૨૫૪, આણંદ
- » **કામગીરીનો પ્રારંભ:** ૧૮ નવેમ્બર, ૨૦૨૪
- » **મુખ્ય ઉદ્દેશ્ય:** સ્વાસ્થ્ય અને જળક્રીડાની આધુનિક સુવિધા પૂરી પાડવી.

### ફાયર NOC અને ડ્રેનેજ લાઈન બાદ જ લોકાર્પણ

સ્વિમિંગપૂલનું બાંધકામ પૂર્ણ હોવા છતાં, તંત્ર દ્વારા હાલમાં કેટલીક ટેકનિકલ પ્રક્રિયાઓ પૂર્ણ કરવામાં આવી રહી છે. ખાસ કરીને સ્વિમિંગપૂલ માટે અનિવાર્ય એવી ફાયર સેફ્ટીની એનઓસી મેળવવાની કાર્યવાહી પ્રગતિમાં છે. આ ઉપરાંત, પૂલના પાણીના નિકાલ માટે જરૂરી ડ્રેનેજ લાઈન નાખવાની કામગીરી બાકી છે, જે પૂર્ણ થયા બાદ જ જનતા માટે આ પૂલ સુરક્ષિત રીતે ખુલ્લો મૂકાશે.

### મ્યુનિસિપલ કમિશનરની કડક સૂચના

મ્યુનિસિપલ કમિશનર આર.એન. ડોડીયાએ આ બાબતે ગંભીરતા દાખવતા સંબંધિત વિભાગોને સંકલન સાધીને ફાયર એનઓસી અને ડ્રેનેજ લાઈનનું કામ વહેલામાં વહેલી તકે પૂર્ણ કરવા આદેશ આપ્યો છે. તંત્રનો ઉદ્દેશ્ય તમામ સુરક્ષા માપદંડોના ચુસ્ત પાલન સાથે શ્રેષ્ઠ સુવિધા આપવાનો છે.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
| --- | --- |
| જય એન્ટરપ્રાઈઝ<br>કિશોર પ્લાઝા,<br>આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી<br>સાગર ભુવન, ડભાણ<br>ભાગોળ, નડિયાદ |

**કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો**
**મો. 99250 30225, મો. 99255 50225**